## હરિની દ્દષ્ટિ...




ભગવાનની દયાથી બધુ છે.. ધંધો, બંગલો, ગાડી, શેર્સ પરંતુ એક 'અનામત' નથી...

# જિલ્લા કક્ષાની રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર તા.૧૪

ગાંધીનગર શહેરમાં જિલ્લાકક્ષાની પ્રાચીન અને અર્વાચીન ગરબા અને રાસ સ્પર્ધા ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. જેમાં નગરના જાણીતા કલાવૃદોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અર્વાચીન ગરબામાં પનઘટ ગ્રુપ ,પ્રાચીનમાં મલ્હાર ગ્રુપ,અને રાસમાં ઉત્સવ ગ્રુપ વિજેતા બન્યા હતા.

કમિશનર શ્રી યુવા રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર આયોજીત જિલ્લાકક્ષાની પ્રાચીન અને અર્વાચીન રાસ ગરબા સ્પર્ધા-૨૦૧૫ યોજાઈ હતી.જેમાં માત્ર ત્રણ ગ્રુપે ભાગ લીધો હતો. અર્વાચીન સ્પર્ધાની શરુઆતમાં મલ્હાર ગ્રુપની બહેનોએ.. અલબેલા તેજના અજવાળા રે.. સુંદર ગરબો ગાઈને શરુઆત કરી હતી. જયારે પ્રાચીન ગરબામાં ...ઉંચી રબારણ પાંદડીયાળો હાર.. જયારે પનઘટ



ગ્રુપ દ્વારા અર્વાચીનમાં .. વાલમની વાત મધ મીઠી લાગે..તેમજ પ્રચીન ગરબામાં.. માર તો મેળે જાવું સે રાજુડી નો નેળો લાગ્યો.. બહેનો એ સુંદર ગરબા ગાઈને રજુઆત કરી હતી. ગરબા સ્પર્ધામાં બંન્ને ગ્રુપમાં જોરદાર રસાકસી જામી હતી. પ્રાચીન અને અર્વાચીન ગરબામાં અલગ અલગ સ્ટાઈલ, સ્ટેપ,સહિત વિવિધ આભુષણો થી સજજ બહેનો એ સુંદર ગરબા રજુ કર્યા હતા. ઉત્સવ ગ્રુપના યુવાનોએ રાસમાં..હાલાજી તારા હાથ વખાણું કે તારા પગલા વખાણું..સહિત છંદ દુહા ની જોરદાર રજુઆત કરતા હોલમાં અનેરો ઉસ્તાહ છવાયો હતો. સ્પર્ધાના અંતે અર્વાચીનમાં પનઘટ ગ્રુપ વિજેતા બન્યું હતું. જયારે પ્રાચીનમાં મલ્હાર ગ્રુપ વિજેતા જાહેર થયા હતા.તેમજ રાસમાં માત્ર એક જ વૃદે ભાગ લીધો હોવાથી ઉત્સવ ગ્રુપ બિન હરીફ વિજેતા બન્યું હતું. આ સ્પર્ધામાં રુરલ એરિયાના એક પણ કલાવૃંદે ભાગે લીધો ન હતો. સરકાર દ્વારા યુવાનોને યોગ્ય પ્રોત્સાહન પુરુ પાડવામાં આવતુ નથી. માટે હવે જિલ્લાના ગરબાના કલાવૃદો સ્પર્ધામાં જોડાતા નથી.સરકાર યુવાનોના ઉત્સાહને વધારવાની જગ્યા એ ઘટાડી રહી હોય તેવું લાગે છે.ટાઉનહોલ ખાતે પણ સ્પર્ધામાં દર્શકોની હાજરી ઉડીને આંખે વળગે તેવી હતી. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે વિપુલ ત્રિવેદી, હર્ષિદાબેન પંડયા અને રીના વાલાણી,જિલ્લા રમત ગમત વિભાગના અધિકારી નયનભાઈ થોરાત ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ મહિલા મેયર શ્રીમતિ હંસાબેન મોદી ફિવરની ઝપટમાં આવી ગયા છે.

● જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ ભાજપ મહિલા મોરચાની બેઠકમાં હાજરી આપવા દિલ્હી ગયા છે.

● સે. ૧૭માંથી એક નાની દિકરીને ડેન્ગ્યુ પોઝીટીવ આવતાં સિવિલમાં દાખલ કરાઈ છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા નિમણુંક પત્ર આપવાના સમારોહમાં પાંચ સફળ યુવાનો હાજર ન રહેતાં હવે તેમને ટપાલથી નિમણુંકપત્ર મોકલવામાં આવશે.

● નારદીપુરના યુવા અગ્રણી વી.પી. પટેલના મોટા ભાઈ રમેશભાઈનું આજે દુઃખદ અવસાન થતાં નારદીપુર ખાતે તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા.

● ગાંધીનગર કલેક્ટર કચેરીમાં હાજર થયેલા ૨૧ કારકુનોને નિમણુંક આપવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

● ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ખાતર વિતરણ અંગેની નીતિ તૈયાર કરવામાં આવી રહી છે.

# જિલ્લામાં આર્યુવેદ ઉકાળાનું વિતરણ કરાશે

ગાંધીનગર તા.૧૪

રાજયભરમાં સ્વાઈન ફલુ, ડેન્ગયું જેવા બેકટેરીયાજન્ય રોગોએ માથું ઉચક્યું છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા અગોતરુ આયોજન કરી જિલ્લાના ૧૭ સ્થળે આવેલા આર્યુવેદ દવાખાને આર્યુવેદ ઉકાળાનું નિશૂલ્ક વિતરણ કરવામાં આવશે. ગુજરાતમાં અત્યારે હાલ બેકટેરીયાજન્ય તેમજ વાહકજન્ય રોગચાળાએ દેખા દીધી છે. વાઈરલ બેકટેરીયલ ઈન્ફેકશનને કારણે વ્યકિતની રોગ પ્રતિકારક શકિત ઘટી જાય છે. રોગ પ્રતિકારક શકિત વધારવા માટે ઉપયોગી આર્યુવેદ ઔષધિય ઉકાળનું સેવન લાભદાયી નિવડે છે. વૈધકીય સલાહ અનુસાર આપની પ્રકૃતિ જાણી તથા હાલની પરિસ્થિતિ અનુસાર રોગ પ્રતિકારક શકિતની વૃધ્ધિ તથા થયેલા રોગની વિના મુલ્યે સારવાર તથા સલાહ માટે નિચેના આર્યુવેદ દવાખાનાની મુલાકાત લેવા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં આ સ્થળે ઉકાળાનું વિતરણ કરવામાં આવશે તે સ્થળની યાદી નીચે મુજબ છે. સરકારી આર્યુવેદ દવાખાનું પોર, સરકારી આર્યુવેદ દવાખાનું જમીયતપુરા, સેકટર-૭ આર્યુવેદ દવાખાનું, સેકટર-૨૯ સરકારી દવાખાનું, સરકારી આર્યુવેદ દવાખાનું અમીયાપુર,ટીંટોડા સરકારી આર્યુવેદ દવાખાનું, સિવિવ હોસ્પીટલ આર્યુવેદ ઓ.પી.ડી. ગાંધીનગર, જિલ્લા પંચાયત આર્યુવેદ દવાખાનું કુડાસણ, સરઢવ, દોલારાણા વાસણા, મગોડી, ઈસંડ, સરકારી આર્યુવેદ દવાખાનું રીદ્રાલ, માણસા, કલોલ ખાનપુર,પીપળજ દહેગામ ખાતે ઉકાળાનું વિતરણ કરવામાં આવશે.

# શહેરમાં ગણેશજીની મૂર્તિના વેચાણમાં વધારો

ગાંધીનગર તા.૧૪

ગાંધીનગર શહેરમાં ગણેશ ચતુર્થીને લઈ ભકતોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. શહેરમાં ઠેક ઠેકાણે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પહેલાના સમયમાં ગાંધીનગરના કેટલાંક વિસ્તારમાં ગણેશ ચતુર્થીને લઈ વિશેષ કાર્યક્રમ યોજાતા હતા. પરંતુ સમય બદલાતા શહેરમાં અત્યારે હાલના સંજોગોમાં વધુ જગ્યાએ આયોજન કરવામાં આવ્યા છે. જેને પગલે ગણેશજીની મૂર્તીઓનું મોટી સંખ્યામાં વેચાણ થાય છે. શહેરમાં અમદાવાદ થી કેટલાકં વેપારીઓ મૂર્તિ વેચાણ માટે આવ્યા છે.

ગણેશ ચતુર્થીનું પર્વ ભારત ભરમાં મનાવવામાં આવે છે. પરંતુ સૌથી વધુ મહારાષ્ટમાં આ પર્વની ઉજવણી અનોખી હોય છે. ગણેશ ભગવાનની પુજા-અર્ચના કરવામાં આવે છે. ગણેશજી વિધ્નહર્તા હોવાથી આ પર્વનો મહિમા અલગ છે. ગુજરાતભરમાં રંગેચંગે ગણેશ ચતુર્થીના તહેવારની ઉજવણી કરવામાં આવે છે.વર્ષ દરમિયાન યુવાનો આ પર્વની રાહ જોતા બેઠા હોય છે. સવાર સાંજ ગણેશજીની આરતી બાદ વિવિધ પ્રોગામ યોજાય છે. ગણેશજીનું સ્થાપન પાંચ, સાત તેમજ વધુમાં વધુ દશ દિવસ કરવામાં આવે છે. ગણેશ



ચતુર્થીને બે દિવસ બે દિવસ બાકી છે. ત્યારે શહેરીજનોમાં આ તહેવારને લઈ અનેરો આનંદ જોવા મળે છે. નગરજનો પોતાના નિવાસ સ્થાને ગણેશજીનું સ્થાપન કરતા હોય છે. નગરના યુવાનો દ્વારા વિવિધ જગ્યાએ કાર્યક્રમોનું આયોજન કરવામા આવ્યું છે. નગરમાં ગણેશજીની અવનવી મૂર્તીના વેચાણ માટે અમદાવાદથી વેપારીઓ અગાઉથી આવી ગયા છે. નગરમાં ગણેશજીની મૂર્તી ત્રણસો થી લઈ સાત હજાર રુપીયા સુધીની ઉપલબ્ધ છે.નગરમાં પહેલાના સમયે કેટલાક સ્થળો એ જ ગણેશ ચતુર્થીને લઈ પ્રોગામ યોજાતા હતા.સમય બદલાતા અત્યારે હાલ નગર ઘણી બધી જગ્યાએ સાંસ્કૃતિક, હાસ્ય, સ્પર્ધાઓ તેમજ વિવધ રંગારંગ આયોજન કરવામાં આવ્યું છે. જેને પગલે મૂર્તીઓના વેચાણમાં વધારો થવા પામ્યો છે. નગરમાં સે.૭, ૨૧, ૨૪ સહિત નગરમાં ઘણી બધી જગ્યાએ ગણેશજીની મૂર્તીઓનું વેચાણ કરતાં વેપારીઓ નજરે પડે છે.અગાઉના વર્ષો કરતા હાલના વર્ષોમાં સારો એવો વેપાર થાય છે. તેમ વેપારીએ જણાવ્યું હતું.

# જુના સચિવાલયની કેન્ટીનમાં નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ધી સચિવાલય સહકારી ઉપાહારગૃહના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી પ્રસંગે તા. ૧૫ સપ્ટમ્બરના રોજ સવારે ૧૧.૩૦ કલાકે જુના સચિવાલય કેન્ટીન ખાતે મફત આયુર્વેદિક નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વૈદ્ય જસવંતસિંહજી રાઠોડ, વૈદ્ય બળદેવસિંહજી વાઘેલા, વૈદ્ય દેવેન્દ્રભાઈ રાવલ, વૈદ્ય જનકભાઈ ઉપાધ્યાય, વૈદ્ય રાજેન્દ્રભાઈ વસૈયા, વૈદ્ય મહેશભાઈ પરમાર, વૈદ્ય રજનીકાંતભાઈ મોદી, વૈદ્ય કિરણભાઈ ચૌધરી, વૈદ્ય રાકેશભાઈ ભટ્ટ સેવા આપશે. વિનામૂલ્યે આયુર્વેદિક નિદાન કેમ્પના આયોજનમાં ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિ, જુના સચિવાલય વૈદ્ય પંચકર્મશ્રી, સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સે. ૨૨, ગાંધીનગર તેમજ નવા સચિવાલય આયુર્વેદ દવાખાનાના સહયોગથી કરાશે. ધી સચિવાલય સહકારી ઉપાહાર ગૃહના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા, મહામંત્રી ચંદ્રેશભાઈ પટેલ, ઉપપ્રમુખ પ્રદ્યુમનસિંહ વાઘેલા, કન્વીનર મૌલિક પટેલ, સહ કન્વીનર દિનેશાઈ ચૌહાણે કેમ્પનું આયોજન કરવામાં જહેમત ઉઠાવેલ છે.

## ક્ષમા : રાખો, માંગો અને આપો

### પરમપુજ્ય આચાર્યશ્રી અરુણોદયસાગર મહારાજ સાહેબની અમૃત વાણી

### તત્વજિજ્ઞાસુઓ માટે ગણધરવાદ પર્યુષણ મહાપર્વ

કલ્પસુત્રમાં ચાલુ વ્યાખ્યાનોમાં આજે પાંચમું વ્યાખ્યાન સવારના વાંચી બપોરે ''ગણધરવાદ''નું વ્યાખ્યાન વંચાય છે. ગણધરવાદ વ્યાખ્યાન તત્વજિજ્ઞાસુઓ માટે તો ખાસ ભાવતી વાનગી જેવું હોય છે. આ વ્યાખ્યાન થોડું વિસ્તૃત પણ ખરૂ.




સવારના વ્યાખ્યાનમાં સૌથી પ્રથમ પ્રભુના જન્મને અવધિજ્ઞાનથી જાણી દિશાઓની અધિષ્ઠાત્રી દેવીઓ જિનભવનમાં આવી જે સુતિકા કર્મ કરે છે. ત્યારથી માંડીને ઝીણી ઝીણી વિગતો વાણીને દિક્ષા સુધીનું વિશદ વર્ણન કરાય છે.

ઉપકારીના ઉપકારને શિરે ચડાવવાનો એ એક શ્રેષ્ઠ શિરસ્તો છે. વ્યવહારમાં પણ જેની સાથે પ્રીતનો તાંતણો બંધાઈ ગયો હોય, એ વ્યક્તિની દરેક વાત, પછી એ ઝીણામાં ઝીણી પણ હોય. માણસને ગમી જતી હોય, અને સાંભળતા, વાંચતા અને ક્યારેક થાક કે કંટાળો અનુભવાતો નથી. ત્યારે આ તો જગતની સકલ જીવરાશિને અભયનું શ્રેષ્ઠત્તમ ભેટણું આપનાર જિનેશ્વરનો ચરિત્રો છે.

પ્રભુનું સુતિકર્મ થયા બાદ શકદનું સિંહાસન ચલિત થાય છે. અને તે પણ ભક્તિભાવપૂર્વક સર્વ દેવો સાથે ગતની તમામ ઉત્તમ સામગ્રી મેળવીને પ્રભુભવનમાં આવે છે અને પ્રભુની તથા માતાની સ્તવના કરે છે. માતાને આશ્વાસન અને અવસ્વાપિતી નિદ્રા આપે છે. પ્રભુની બિંબ માતના પડખે સ્થાયી, પ્રભુને ગ્રહણ કરી મેરુ તરફ જાય છે. ઈન્દ્રની ભક્તિનો ભાવ પ્રકૃષ્ટ હોય છે કે, ''ભગવાનની ભક્તિનું સઘળું કાર્ય હું - એકલો જ કરુ'' એવા ભાવથી પાંચ-પાંચ તો પોતાના રૂપ બનાવી ભક્તિ કરે છે. પુજાકાર પુ. વીરવિજયજી મહારાજે એનું રોચક શબ્દોમાં વર્ણન કરેલું છે. છેલ્લે એ સોનાનો દિવસ પણ આવ્યો જેની પ્રભુ રાહ જોતા હતા. કૈવલ્ય પ્રાપ્તિનો એ સ્વર્ણદિન, બિહારમાં સમેતશિક તીર્થની નજીક આવેલ નદીના કિનારે પ્રભુએ નિર્મળ કેવલજ્ઞાન હાંસલ કર્યુ. લોકાલોકના સર્વભાવોના પ્રભુ જ્ઞાતા બન્યા. પુણ્યનો પ્રકર્ષ જાગી ઉઠ્યો દેવો-દેવેન્દ્રોએ દોડાદોડી શરૂ કરી દીધી એમની પાછળ. પ્રભુ સદાય ઓછામાં ઓછા કરોડ દેવતાઓથી પરિવર્યા. સમવસરણ મંડાયું પ્રથમ તીર્થદેશના કલ્પ પુરતી જ આપી. અપાષાપુરીમાં તેઓશ્રી પધાર્યા. ત્યાં સોમિલ બ્રોણના યજ્ઞના પુરોહિત તરીકે ઈન્દ્રભુતિ ગોતમ જેવા ચૌદ વિદ્યાના પારગામી પંડિતો આવેલ હતા. પ્રભુના હાથે તેઓ દિક્ષિત લઈ શાસનની ધુરાને વહે તેવા હતા. પોતાને સર્વજ્ઞસમ માનતા હતા. અપાર અભિમાનનાં પુતળાં હોવા છતાં સાચુ સમજાય તો સ્વીકારવાની હેયાની સરળતાના એઓ સ્વામી હતા. તે બધા એક પછી એક ક્રમે ક્રમે વાદ કરવા, પ્રભુને પરાસ્ત કરવા. સમવસરણમાં પધાર્યા. પ્રભુનું રૂપ જોઈ એમનો ગર્વ ગળીય ગયો. પ્રભુનું વચન સુણી એઓ નિરુત્તર જ નહિ, પરંતુ નિઃશક બની ગયા. વેદની જ પંક્તિઓના સ્યાદ્રાપુર્ણ અર્થઘટનથી એમની વર્ષોની ભ્રમણાઓ કાચની જેમ ભાંગીને ભુક્કો થઈ ગયો એઓ સમર્પિત બની ગયા. પોતાના વિશાળ શિષ્યરાશિ સાથે પ્રભુનું ચરણ શરણ સ્વીકાર્યું. ઈન્દ્રે સાધુવેશ સમપ્યો. પ્રભુએ મહાવ્રત આપ્યા. સર્વ પ્રકારે ગણને યોગ્ય જાણી પ્રભુએ તેમના ત્રણ પ્રોના જવાબમાં ત્રિપદી આપી સમગ્ર બ્રોંડનું સ્વરૂપ જણાવ્યું. એમણે અંતમુહુર્તમાં માત્રમાં દ્વાદશાંગી રચી. પ્રભુએ જ્ઞાનથી જોઈ એના ઉપર પોતાની મહોરછાપ મારી. એ અધિકૃત બની. દરેક ગણધરોના મસ્તકે પ્રભુએ સુગંધી વાસક્ષેપ કર્યો. ગૌતમસ્વામી આદિ ગણનાયક બન્યા.

**પર્યુષણ છઠ્ઠો દિવસ**

# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ-ત્રીજા સેમેસ્ટરની પરીક્ષા બીજી નવેમ્બરથી

## ધન તેરસે છેલ્લુ પેપર લેવાશે : પરીક્ષા સંબંધી માહિતી વેબસાઈટ પર મુકવામાં આવી

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનારી ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહના પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આગામી તા. ૨થી ૯ નવેમ્બર દરમ્યાન આ પરીક્ષાઓ યોજાશે. ધનતેરસે પણ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી પડશે.

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની બધા વિષયોની પરીક્ષા ઓએમઆર પદ્ધતિથી લેવામાં આવશે. પ્રથમ સેમેસ્ટરની પરીક્ષામાં તા. ૨જી નવેમ્બરે જીવવિજ્ઞાન, ૩જીએ અંગ્રેજી, ૪થીએ ગુજરાતી/સંસ્કૃત/ કોમ્પ્યુટર, ૫મીએ ગણિત, ૭મીએ ભૌતિક વિજ્ઞાન અને ૯મીએ રસાયણ વિજ્ઞાનનું પેપર લેવાશે. ત્રીજા સેમેસ્ટરની પરીક્ષામાં તા. ૨જી નવેમ્બરે ગણિત, ૩જી નવેમ્બરે અંગ્રેજી, ૪થી નવેમ્બરે ગુજરાતી/ સંસ્કૃત/ કોમ્પ્યુટર, ૫મીએ જીવવિજ્ઞાન, ૭મીએ રસાયણ વિજ્ઞાન અને ૯મીએ ભૌતિક વિજ્ઞાનની પરીક્ષા યોજાશે. પરીક્ષા સંબંધી માહિતી માટે બોર્ડની વેબસાઈટ www.gseb.org ની મુલાકાત લઈ શકાશે.

દિવાળી પહેલાં એક-બે દિવસ અગાઉ જ પરીક્ષાઓ પુર્ણ થશે. છેલ્લુ પેપર છેક ધનતેરસે લેવામાં આવશે. દિવાળી પહેલાં જ પરીક્ષાઓ હોઈ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ દિવાળીની તૈયારીઓના બદલે પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત રહેશે. ઓક્ટોબર માસમાં પ્રાયોગિક પરીક્ષાઓ શાળા દ્વારા યોજાશે.



ભાદરવો માસ શરૂ થતાં ''અંબાજી પગપાળા'' સંઘની શરૂઆત થઈ ગઈ છે. અમદાવાદથી દૂધવાળી પાંખ અંબાજી પગપાળા સંઘ ૨૪માં વર્ષે બાવન ગજની ધજા લઈને રવિવારે ૧૩ મીની સવારે પ્રસ્થાન કરી અંબાજી ખાતે ૨૧ સપ્ટેમ્બરે પહોંચશે. આ સંઘમાં લગભગ ૧૦૦ જેટલા પદયાત્રીઓ જોડાયા છે. ગાંધીનગરના ઘ માર્ગ પરથી સવારે 'બોલ મારી અંબે'ના નારા ગુંજી ઉઠ્યા હતા.

# બાપુ નોલેજ વિલેજ ખાતે જીટીયુના પાંચમા યુથ ફેસ્ટિવલનો ધમાકેદાર પ્રારંભ

## શંકરસિંહ વાઘેલાના હસ્તે યુથ ફેસ્ટિવલ ખુલ્લો મુકાયો : ૨૨ કોલેજોના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૪

આજે ગાંધીનગર તાલુકાના માણસા હાઈવે પરની બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે જીટીયુના



પાંચમા યુથ ફેસ્ટિવલ ક્ષિતિજ-૧૫-૧૬નું ઉદ્‌ઘાટન વિરોધ પક્ષના નેતા તથા સંસ્થાના પ્રમુખ શંકરસિંહ વાઘેલાના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. આકાશ અગરવાલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતા. યુથ ફેસ્ટિવલમાં કુલ ૨૨ કોલેજના ૭૦૦ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે.

બાપુ ગુજરાત નોલેજ વિલેજના યજમાનપદે યોજાયેલ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના પાંચમા યુથ ફેસ્ટિવલમાં ઉદ્‌ઘાટન સમારોહમાં ટ્રસ્ટીઓ મહેન્દ્રસિંહ વાઘેલા અને ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર ડૉ. એમ.એમ. પટેલ અને જીટીયુના રજીસ્ટ્રાર જે.સી. લીલાણી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શંકરસિંહ બાપુએ વિદ્યાર્થીઓને સરકારના ભરોસે રહેવાને બદલે




પોતાના અંદર બહુમુખી કૌશલ્યોનો વિકાસ કરવા યુથ ફેસ્ટિવલ જેવા કાર્યક્રમોમાં ભાગ લેવા પ્રેરિત કર્યા હતા. તેમણે પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓને કહ્યું હતું કે તમને તમારા કૌશલ્ય પર ભરોસો હોય તો અહીં આવી જજો, તક અમે પુરી પાડીશું. સંસ્થાના ડાયરેક્ટર ડૉ. એમ.એમ. પટેલે પણ પ્રેરક ઉદ્‌બોધન કર્યુ હતુ. જ્યારે જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. આકાશ અગરવાલે જીટીયુની કાર્યશૈલી અંગે માહિતી પુરી પાડી હતી. જીટીયુના રજીસ્ટ્રાર જે.સી. લીલાણીએ વિદ્યાર્થીઓને યુથ ફેસ્ટિવલ થકી બહુમતી પ્રતિભા વિકસાવવા તથા પડકારોને ઝીલવા આહ્‌વાન કર્યુ હતુ.

યુથ ફેસ્ટિવલના પ્રથમ દિવસે લોકનૃત્યો, લોકવાદ્યો, સમૂહગીતો, શાસ્ત્રીય સંગીતના વાદ્યો, કલે મોડેલીંગ, પોસ્ટર મેકિંગ, રંગોળી તથા ડિબેટ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. ત્રિદીવસીય ફેસ્ટિવલમાં અન્ય દિવસોમાં એક પાત્રીય અભિનય, શાસ્ત્રીય નૃત્યો, શાસ્ત્રીય વાદ્યો, શીધ્ર ચિત્રાંકન, કાર્ટૂનીંગ, માઈમ, સ્કીટ કોલાઝ, એડ. મેકિંગ વગેરેની સ્પર્ધાઓનું આયોજન કરાશે.

# પ્લાઝમા સાયન્સ ટેકનોલોજી તાલીમ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

સમાજને પ્લાઝમાના સમાજલક્ષી ઉપયોગો વિશે માહિતગાર કરવા માટે ઈન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝમા રિસર્ચ અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયંસ એન્ડ ટેકનોલોજી દ્વારા સંયુક્ત રીતે શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ૧૧-૧૩ સપ્ટેમ્બર-૨૦૧૫ દરમિયાન પ્લાઝમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી પર તાલીમ અને આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંહતુ. તાલીમ સામગ્રીમાં 'પ્લાઝમાં આપણા જીવનમાં' નામનું પુસ્તક ગુજરાતી અને અંગ્રેજી એમ બન્ને ભાષામાં, મલ્ટિમિડીયા ડીવીડી, માહિતીપ્રદ પત્રિકા, દ્દષ્ટાંતરૂપ પોસ્ટર, પ્રેઝન્ટેશન્સ અને વિડિયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગુજરાત સાયન્સ સિટીમાં ૧૧ સપ્ટમ્બર-૨૦૧૫ના રોજ ઉદ્‌ઘાટન કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવેલ હતુ. આઈપીઆરના ડિરેક્ટર પ્રો. ધિરજ બોરા હાજર રહ્યા હતા. તેમને કહ્યું કે પ્લાઝમાં વિજ્ઞાન રોજિંદા જીવનમાં મહત્વનો ભાગ ભજવે છે. પ્લાઝમાં ટેકનોલોજી ઈકો-ફ્રેંડલી છે. ગ્રીન પ્લાઝમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને આપણે ભારત સરકારના મેક-ઈન ઈન્ડિયાનો ભાગ બની શકીએ.

રાજયના તમામ જિલ્લાઓમાંથી આશરે ૬૦ જેટલા સંભવિત શિક્ષકો, વિજ્ઞાન શિક્ષકો અને કમ્યુનિકેટર્સની પ્રથમ વર્કશોપ માટે પસંદ કરવામાં આવી હતી. આ શિક્ષકો તેમની શાળાના બાળકો અને સ્થાનિક સમુદાય સ્તર સુધી પ્લાઝમા વિજ્ઞાનને પહોંચાડવા માટે સ્થાનિક સંશોધકીય વ્યક્તિ બની રહેશે. પ્રથમ વર્કશોપ ઉપરાંત રાજકોટ, વડોદરા, મહિસાગર એમ અન્ય ત્રણ જિલ્લામાં પણ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. વર્કશોપ દરમિયાન ૨૦૦ જેટલા તાલીમાર્થીઓ તૈયાર કરવામાં આવશે, આ વર્ષે ૨૦૦૦ ગુજકોસ્ટ સાયંસ શાળામાં તાલીમ અને આઉટરીય કાર્યક્રમમાં આશરે ૫,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓને તાલીમ પુરી પાડશે.